# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/NSS/૨૦૧૯/૪૭

તા.૩૦/૦૧/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
NSS યુનિટ ધરાવતી
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

વિષય : રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)ની શાળા દ્વારા થતી પ્રવૃત્તિ અંગે.

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર ના તા.૨૫/૦૧/૧૯ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જે ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજના તળે આવરી લેવામાં આવેલ છે તે કાર્યરત શાળાઓની માહિતી તથા પ્રોગ્રામ ઓફિસરનું નામ શૈક્ષણિક લાયકાત અને કેટલા વર્ષથી પ્રોગ્રામ ઓફિસર તરીકે સેવા આપેલ છે તેમજ તેઓએ તાલીમ લીધેલ છે કે કેમ? તેની માહિતી નીચે આપેલ ફોર્મેટમાં**(Excel Fileમાં ફક્ત શ્રુતિ ફોન્ટમાં જ) દિન-૨માં આ કચેરીને** yojana.deobhav@gmail.com **પર મેઇલ કરી હાર્ડ કોપી અત્રેની કચેરીને મોકલી આપવાની રેહેશે.**

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાની +2 એન.એસ.એસ. સલંગ્ન શાળાનુ નામ | | | | ખાસ શિબિર કરેલ હોય તો તારીખ | આગામી સમયમાં ખાસ શિબિરમાં જોડાવવાનાં છો તેની તારીખ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ગ્રાન્ટેડ | સેલ્ફ ફાઇનાન્સ | કુલ | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

Scanned by CamScanner

અગત્યની સુચનાઓ

૧. જે શાળાઓ દ્વારા યોજવામાં આવનાર એન.એસ.એસ.ની દિન-૭ ની ખાસ શિબિર અંગેની માહિતી તથા જે શાળાઓ દ્વારા એન.એસ.એસ.ની ખાસ શિબિર કરેલ હોય તેના અહેવાલ સાથે દરેક **શાળાઓએ નીચે મુજબનાં સરનામે મોકલી એક નકલ અત્રેની કચેરીને આપવાની રહેશે**

૧)રીજિઓનલ ડાયરેક્ટર ઓફ એન.એસ.એસ.( 2nd Floor, Patnagar Yojna Bhawan Near Gujarat College Campus, Swami Vivekanand Bridge, Ahmedabad, Gujarat 380006),

૨)ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, બ્લોક નં૧૨/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩ )જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, એનેક્ષી બિલ્ડિંગ, બહુમાળી ભવન, ભાવનગર,

૨. જે શાળાએ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ બે વર્ષ દરમિયાન કુલ ૨૪૦ કલાકની નિયમિત સેવા પ્રવૃત્તિ તથા ખાસ શિબિર અંતર્ગત સાત દિવસ સેવા કાર્ય કરેલ હોય **તેવા સ્વયંસેવકોની જ એન.એસ.એસ.ના પ્રમાણપત્રો આપવાના હોવાથી તે પ્રમાણપત્ર, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, બ્લોક નં૧૨/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરથી મેળવી લેવાના રહેશે.**

બિડાણ : સંદર્ભિત પત્ર

**જિલ્લા શિક્ષણાધિકારી**
**ભાવનગર**

**નકલ રવાના અમલવારી સારૂ:**

શ્રી. પી.બી.ગોહિલ - શિ.ની.શ્રી

શ્રી આર.કે.પંડ્યા - મ.શિ.નીશ્રી

સદર કચેરી

Scanned by CamScanner